


## સલામી સવારની..

*માથે રહી, મુફ્તી સાથે, સીમાઓ ભેલાવે રાજનાથ!*
*હરાવે મનથી ને સૈનિકોનું સરાવે રાજનાથ!*
*નેતાઓને ચર્ચાના ચગડોળે ચઢાવે રાજનાથ!*
*ખોટી બંદૂકે, પોતળી પહેરી, ડરાવે રાજનાથ!*

હાઈકુ

*જીત 'નશા'માં -*
*મલ્લ-કુસ્તીમાં પણ*
*ખાધી પછાડ*
*(ખટપટ ના દાવ)*

*'રિયો' સમિતિ -*
*ધોયેલા મૂળાઓનો*
*થશે બચાવ!*
*(તપાસ સમિતિ)*

### ચિંતન

*શૈલે શૈલે ન માણિક્યં મૌક્તિકં ન ગજેગજે ।*
*સજ્જના નહિ સર્વત્ર ચન્દન ન વનેવને ॥*

દરેક પર્વત પર માણેક હોતા નથી. દરેક હાથીમાં મોતી હોતા નથી, સજ્જનો બધે હોતા નથી. દરેક વનમાં ચંદન હોતું નથી.

કેટલીય કિંમતી-મહત્ત્વની-મૂલ્યવાન વસ્તુઓ જથ્થાબંધ કે ઠેર-ઠેર મળતી નથી. સિંહના ટોળાં ન હોય - એ જૂથમાં ન હોય!

જેમ દરેક વનમાં ચંદનના વૃક્ષ ન હોય, દરેક હાથીના માથે ગંડસ્થળમાં મોતી ન હોય, દરેક પર્વતમાં માણેકની ખાણ ન હોય તેમ માનવ સમુદાયમાં સ્વજન શોધવો એ પણ કઠિન કાર્ય છે.

સજ્જન-સ્વભાવથી - આચરણથી અલભ્ય હોય છે.

### સુવિચાર

- તમે ગમે તેટલા સારા ખેલાડી બનો છતાં પણ તેનાથી પણ વધુ સારા બની શકો અને એ જ ઉત્તેજનાપૂર્ણ બાબત છે - **ટાઈગર વુડ્સ**
- વિરોધાભાસ વગર આ જગતનું અસ્તિત્વ અશક્ય છે - **સુંદરમ્**
- જૂઠ પોતે નિર્દોષ છે, પણ એને પગ અને શક્તિ આપવાનું પાપ માણસ દ્વારા જ થાય છે - **જય ભિખ્ખુ**
- જે ચીજ માટે માણસે અથાગ પરિશ્રમ કર્યો હોય તેને એ ચાહવાનો જ છે - **ડેલ કાર્નેગી**
- ધ્યેય જેટલું ઊંચું એટલો એને પહોંચવાનો માર્ગ લાંબો અને વિકટ - **સાને ગુરુજી**
- સામાન્ય માણસ તેજસ્વી અને સામર્થ્યવાન બનશે તો અને તો જ લોકસત્તાનો પાયો મજબૂત બનશે - **જ્યોર્જ વોશિંગ્ટન**
- આજનું ઔષધ : દાઝેલી જગ્યા પર રૂને મધમાં બોળી પાટો બાંધવાથી ૩ અઠવાડિયામાં ડાઘ નીકળી જાય છે **(દીપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ નેતાઓ સર્વ-ધર્મ-સમભાવ અને બીનસાંપ્રદાયિકતાના નાટક કરી અંદરથી જાત-ધર્મ અને વર્ણભેદના બીજ વાવે છે.

સ્વાતંત્ર્ય પહેલાં રાષ્ટ્રીય જાગૃતિ ફેલાવનારા આપણા સાચા નેતાઓ ખરાં અર્થમાં સમાજસુધારકો પણ હતા. અંધશ્રદ્ધા-અજ્ઞાન-ધર્મની કટ્ટરતા દૂર કરવા માટે પણ પ્રયત્ન કરતા હતા.

એક રાષ્ટ્રીય નેતા દલિત સમાજમાં વર્ણભેદ વિશે બોલતા હતા. ત્યારે એક શ્રોતાએ કહ્યું, 'આપ વર્ણ ભેદ વિશે બોલો તો છો પણ કપાળે તિલક કરો છો અને જનોઈ પહેરો છો, તો શું આ વિચારો 'બ્રાહ્મણત્વ' વિશે પક્ષપાત નથી શું ?'

સમાજ સુધારક પાસે કોઈ જવાબ ન હતો પણ બે દિવસ પછી પ્રશ્નકર્તાને ટપાલમાં એક કવર મળ્યું એમાં 'જનોઈ' ના ટૂકડા હતા.

આ કવર સમાજસુધારક શ્રી ગોપાલકૃષ્ણ ગોખલેજી એ મોકલ્યું હતું.

# પર્યુષણ : સમગ્ર માનવજાતની આવશ્યકતા

પર્યુષણ. માત્ર જૈનોનું જ નહીં, પરંતુ સાર્વભૌમ પર્વ. સમગ્ર વિશ્વ માટે આ પર્વ ઉત્તમ અને ઉત્કૃષ્ટ છે કેમ કે એમાં આત્માની ઉપાસના થાય છે. સમગ્ર સંસારમાં આ જ એ પર્વ છે જ્યારે આત્મરત બનીને વ્યક્તિ આત્માર્થી બને છે અને અલૌકિક, આધ્યાત્મિક આનંદના શિખર પર આરોહણ કરીને મોક્ષગામી થવાનો સદ્પ્રયાસ કરે છે.

જેમ આપણે જાણીએ છીએ તેમ પર્યુષણ પર્વ શ્વેતાંબર પંથમાં ૮ દિવસનું અને દિગંબર પંથમાં ૧૦ દિવસનું હોય છે. આ દિવસો દરમ્યાન વિશેષ જપ, તપ, આરાધના કરવામાં આવે છે અને સ્વયંને સુવાસિત કરવાનો પ્રયાસ કરી અંતરાત્મામાં લીન થઈ જીવનને સાર્થક કરવાનો પ્રયાસ કરવામાં આવે છે.

પર્યુષણ પર્વ એ ભલે આધ્યાત્મિક દૃષ્ટિએ ઉજવાતું હોય પરંતુ એનું કેન્દ્રીય તત્ત્વ આત્મા છે. આત્માના નિરામય, જ્યોતિર્મય સ્વરૂપને પ્રગટ કરવા માટે પર્યુષણનું વિશેષ મહત્ત્વ છે.

વળી, આ પર્વ માનવ-માનવને જોડવા માટેનું ને માનવહૃદયોને સંશોધિત કરવા માટેનું પર્વ પણ છે. જૈન ધર્માનુસાર આ પર્વ એ મનની બારીઓ, દરવાજાઓ, બંધનોને ખોલવાનું પર્વ છે.

આજના સંદર્ભમાં સૌથી મહત્ત્વની વાત એ કે આ પર્વ એ અહિંસા અને મૈત્રીનું પર્વ છે. બદલા અને હિંસાથી ક્યારેય શાંતિની સ્થાપના થવાની નથી. અહિંસા અને મૈત્રી દ્વારા જ શાંતિ પ્રાપ્ત કરી શકાય છે. આજે દુનિયા સામે હિંસા, આતંક, પરસ્પર દ્વેષ, નકસલવાદ, ભ્રષ્ટાચાર જેવી સમસ્યાઓ વિકરાળ સ્વરૂપ લઈને ઊભી છે. જે દેશોમાં આ સમસ્યા છે એ દેશોને તો આ સમસ્યાઓની ચિંતા છે જ, પરંતુ આ પ્રકારની સમસ્યાઓથી દુનિયા પણ ચિંતિત છે અને સરવાળે સૌ કોઈ આ સમસ્યાઓનું સમાધાન ઈચ્છે છે.

આ સમસ્યાઓનું સમાધાન એક જ છે, જે પર્યુષણ સૂચવે છે. પરસ્પર મૈત્રી, પરસ્પર સદ્ભાવ અને અહિંસા. બબ્બે વિશ્વયુદ્ધો જોઈ ચૂકેલી અને હવે આધુનિક આયુધો સજીને ત્રીજા વિશ્વયુદ્ધને પહોંચી વળવાના મનસૂબા રાખતી આ દુનિયા અંદરથી તો એ વાત જાણે છે કે આખરે માનવતા જ સઘળી સમસ્યાઓનું સમાધાન છે. વાડા દેશના હોય કે જાતિના, ધર્મના હોય કો સંપ્રદાયના - એ ક્યારેય સુખ અને શાંતિ આપી શકવાના નથી એ વાત દુનિયાએ અનુભવી છે.

આપણા રાષ્ટ્રપિતા ગાંધીજી પણ કહી ગયા છે કે 'એક આંખની સામે એક આંખ લઈ લેવાની વૃત્તિથી એક દિવસ આખી દુનિયા અંધ થઈ જશે.' 'શમે ન વેર વેરથી' એવી શિક્ષા આપણે પણ પ્રાપ્ત કરી છે ને દુનિયાએ પણ.

અને એટલે જ દુનિયાને હવે ત્રીજા વિશ્વયુદ્ધની નહીં પરંતુ પર્યુષણ જેવા કાયમી પર્વની આવશ્યકતા છે. એવું પર્વ જે માનવને ખુદથી પરિચિત કરાવે, માનવને અંદરથી શુદ્ધ કરે, માનવને માનવથી નજદીક લાવે અને માનવને પરમ તત્ત્વથી પણ નજદીક લાવે. આમ થશે તો જ દુનિયામાં શાંતિ અને ઐક્ય સ્થપાશત અન્યથા ગમે તેવાં આધુનિક આયુધોથી પણ જમીનોના ટૂકડા તો જીતી શકાશે, દિલો પર રાજ નહીં કરી શકાય.

**તંત્રીસ્થાનેથી...**

# સરોગસી નામે થતો વેપાર બંધ : નિયમ ભંગ થતાં ૧૦ લાખનો દંડ તથા સજા

કાયદેસરના લગ્ન વગર સરોગેશીથી બાળકને અપનાવવા ઉપર કાયદા દ્વારા પ્રતિબંધ ફરમાવવાતો કાયદો ટૂંક સમયમાં રાજયમાં અમલમાં મુકાશે આના કારણે ગરીબ મહિલાઓનું શોષણ અટકશે. અત્યાર સુધી સરોગેશીના કાયદા લીબરલ હોવાના કારણે તેનું વ્યાપારીકરણ થતું હતું અને સેલીબ્રીટીઓ માટે વગર લગ્ને બાળક રાખવાની જાણે ફેશન તરીકે ચલણ વધતું અટકાવવા સરોગેશીના ગોરખ ધંધા અટકાવવા મોદી સરકારે બીલને મંજુરી આપી છે.

હવેથી જે કપલનું ખરેખર ફર્ટીલીટીનો પ્રશ્ન હશે તથા બાળક સીધુ પેદા કરવામાં મેડિકલ ટેકનીકલ પ્રશ્નો હશે તેવા દંપતી જ આ પ્રથાનો ઉપયોગ કરી બાળક અપનાવી શકશે વગર લગ્ને આ પ્રથા ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. કોર્મસીયલ સરોગેશીથી બાળકોનો વેપાર કરતા લે ભાગુ એજન્ટો તથા કોખ ભાડે આપી વેપાર કરતી એજન્ટ પ્રથા ઉપર આનાથી અંકુશ આવશે અને ખરેખર જેને બાળકની જરૂરીયાત છે પરંતુ કુદરતી કારણોસર મા બાપ બની શકતા નથી તેવા નિસંતાન દંપતિજ આનો લાભ મેળવી શકશે.

કેન્દ્રીય પ્રધાન મંડળે સરોગેશી રેગ્યુલેશન બીલ ૨૦૧૬ ને સંસદમાં બહુમતીથી મંજુરી આપી દીધી છે. જેમાં અપરણિત દંપતીઓ, સીંગલ વાલીઓ, લીવ ઈન રીલેશનના પાર્ટનર્સ અને હોમોસેકસ્યુઅલ્સને સરોગેશી સ્વીકારવા ઉપર પ્રતિબંધની જોગવાઈઓ લાગુ કરવામાં આવી છે. સરોગેશીથી થતા ધંધાના વેપારને અટકાવવા માટે આ બીલ પસાર કરવામાં આવ્યું છે. જો નિયમનો ભંગ કરવામાં આવશે તો ૧૦ લાખના દંડની તથા સજાની જોગવાઈ આ બીલમાં કરવામાં આવી છે.

પરણિત દંપતિને આ પ્રથાનો ઉપયોગ કરવો હશે તો કાયદેસરના લગ્ન ધરાવતા ભારતીય નાગરિક હોવા ફરજીયાત છે. વિદેશમાં સરોગેશીની મારફત બાળક મોકલી વેપાર કરવાના કૃત્ય આનાથી અટકશે. લગ્નના પાંચ વર્ષ બાદ જ સરોગેશી માટેની પધ્ધતિ કાયદાકીય જોગવાઈનું પાલ કરી અપનાવી શકાશે. આ માટે દંપતિએ ફોર્મ ભરી એફિડેવીટ કરી પોતાની તથા લગ્નની માહિતી પુરાવા સાથે રજુ કરવી પડશે પોતે મેડિકલ રીતે બાળક પેદા કરવા સક્ષમ નથી તેવું ડોકટરનું સર્ટીફિકેટ પણ આ સાથે ફરજીયાત જોડવાનું રહેશે. ટૂંક સમયમાં આ બીલ કાયદાનું સ્વરૂપ લેશે. કુખ ભાડે મેળવી માતા બનવાની આખી પ્રક્રિયામાં જે માતા બને તે મહિલાઓના અધિકારનું રક્ષણ કરવા માટે આ કાયદો ઘડાયોનું પ્રસ્થાપિત થાય છે. તેની સાથે સરોગેશીથી જન્મેલા બાળકનું સ્ટેટસ પણ કાયદેસર કરવાની જોગવાઈ છે.

ફિલ્મ સ્ટારો જે રીતે સીંગલ પેરેન્ટસ તરીકે સરોગેશીથી પોતાનું બાળક મેળવતા હતા તેના ઉપર આ કાયદાથી પ્રતિબંધ મુકાશે. બોલીવુડમાં જાણે સરોગેશીથી પેરેન્ટસ બનવાની ફેશન ચાલે છે. હવેથી સંબંધી મહિલા દ્વારા જ સરોગેશીથી માતા બની શકાશે. ત્રાહિતની કોખ ભાડે લેવાનાનું બંધ થઈ જશે. જયારે દંપતિને બાળકના ગર્ભધાનમાં તકલીફ હોય ત્યારે આ વૈજ્ઞાનિક પધ્ધતિથી બાળક મેળવવું આશિર્વાદ સમાન ગણાતું જેને કાળક્રમે ધંધાનું સ્વરૂપ આપી આખી સરોગેશી ઈન્ડસ્ટ્રીઝ અસ્તીત્વમાં આવી અને નામાંકિત ડોકટરો આમા સંડોવણી ખુલી ત્યારે સરકારના ધ્યાનમાં આખી વાત આવતા સરોગેશી રેગ્યુલેશન એકટ ૨૦૧૬ નું બીલ સંસદમાં પસાર કરી કાયદાકીય રીતે તેના ઉપર પ્રતિબંધ લાદવાનો પ્રયાસ કરી જરૂરીયાત દંપતિ જ નિયમોનુસાર સરોગેશીથી બાળક મેળવી શકે તેના માટે કાયદાકીય ગુંચવાડો તથા




સ્ટેટશના પ્રશ્નો ઉભા ના થાય તેનું ધ્યાન રાખી આખી કમીટી બનાવી તેના સૂચવેલા નિયમોનો કાયદેસર રીતે અમલ કરવા કાયદો તૈયાર કરવામાં આવ્યો છે જેનો ટૂંક સમયમાં જ સમગ્ર દેશમાં અમલ કરવામાં આવશે. આ રીતે જ જો બાળકો પેદા કરાવવામાં આવશે તો લગ્ન પ્રથાનું અસ્તીત્વ જ નહી રહે.

ઘણી વખત સરોગેશીથી જન્મેલ બાળક ખોડ ખાંપણવાળુ જન્મે તો દંપતિ આવા બાળકને સ્વીકારવાનો ઈન્કાર કરતા હોય છે અને કુખ ભાડે આપનાર મહિલા પણ તેનો સ્વીકાર કરવામાં આનાકાની કરતા બાળકના સ્ટેટસનો સવાલ તથા તેના ઉછેરની જવાબદારી નક્કી કરવાના પ્રશ્નો કાયદાકીય રીતે ઉભા થતા હતા જે લગત કોઈ જ નિયમ કે કાયદો ના હોય કાયદાકીય છટકબારીનો લાભ લઈ આવા દંપતિ હથ ખંખેરી ઉભા થઈ જતા હતા તેમજ ડોકટરો કુખ ભાડે આપનાર મહિલાનું શોષણ કરી ભાડુ પણ આપતા ન હતા છેલ્લા એકાદ દાયકાથી આ રીતે બાળકો પેદા કરી વિદેશી દંપતિને દત્તક આપવાનો આખો ધંધો ફૂલ્યો ફાલ્યો હતો. સરોંગેશી કિલનીકને આર્ટ કિલનીકનું રૂપકડું નામ આપી આખો વેપાર કરવામાં આવતો હતો જે ઈન્ડીયન મેડિકલ રીસર્ચ કાઉન્સીલની માર્ગદર્શન મુજબ ગેરકાયદેસર ઠરતા તેને બનાવેલા નિયમોનું કાયદેસર પાલન કરી ત્યારબાદ જ સરોગેશી પ્રથાને અમલમાં મુકવામાં

અનુસંધાન પાના નં. ૭ પર

રૂપિયાને જલ્દી સંતાડી દ્યો,
સરકતો સરકતો પાસઠે ગયો
ડુંગળીને વધુ ઉગાડવા માંડો,
નહી તો જૈન બની જીવવા માંડો,
પેટ્રોલ પણ કૈં કમ નથી ભાઈ,
તમારા પગને ચાન્સ તો આપો.
સો વાતની એક વાત કહું તો
સોંઘવારીને એક તક તો આપો.

\- પારસ હેમાણી

# ડૉ. મિણલબેન ગઢવીએ શરૂ કરેલ એક નાની એવી પહેલ વટવૃક્ષ બની...

સ્વાતંત્ર્યદિનથી તહેવારોની મોસમ છેક નવરાત્રી અને દિવાળી સુધી આપણને ઊજવણીમાં પરોવાયેલા રાખે છે. રક્ષાબંધન, સાતમ-આઠમ અને ત્યારબાદ ગણેશ ચતુર્થી - આટલા તહેવારો તો જાણે ઉપરાઉપરી આવી જાય છે. તહેવારો નાના-મોટા સૌને અત્યંત વ્હાલા હોય છે પણ મોંઘવારીની વાત કરી તો બધે એક જ ફરિયાદ સંભળાય કે 'બાપ રે! આટલું મોંઘું !' દરેક વસ્તુ મોંઘી છે ત્યારે કંઈક સસ્તુ મેળવવા માર્કેટમાં આવતા સેલ અને ડિસ્કાઉન્ટથી આપણે કેટલા આકર્ષાઈ જતા હોઈએ છીએ. ત્યારે કોઈ એમ વિચારે કે સસ્તું શું છે ? તો વિચાર આવે કે કુદરત તરફથી આપણને મળતી વસ્તુઓના કોઈ ચાર્જીસ નથી. એ સાવ મફત છે. જેમ કે, રોજ સવારે ઊઠીને સૂર્યની તરોતાજા કરી દેતી કિરણોનો લાભ સાવ મફતમાં અને ગરીબ-તવંગર સૌને એકસમાન મળે છે. ચટાકેદાર અને સ્વાદિષ્ટ વ્યંજનો કદાચ મોંઘા હોઈ શકે પણ શુદ્ધ અને સાત્વિક દેશી ખોરાક પ્રમાણમાં સસ્તો જ હોય છે. આજના આ ફાસ્ટયુગમાં વાહનોનો ઉપયોગ કરવો એ ચોક્કસ જરૂરિયાત હોઈ શકે પણ કયારેક કોઈ-કોઈ વાર ચાલીને કે સાઈકલ વાપરવામાં આવે તો તે પણ સોંઘવારીને એક તક આપવા સમાન જ ગણાય ને! આજે જ આપણે એક નવા પ્રકારનું લિસ્ટ તૈયાર કરીએ કે સસ્તું શું છે ? અને તમને પોતાને જ આ બાબત જાણીને નવાઈ લાગશે કે અમુક સાવ નાની બાબતોમાંથી મળતો આનંદ સસ્તો નહિ સાવ મફતમાં આપણે પામી શકીએ છીએ.




આપણી આસપાસ એવા કેટલાય લોકો છે કે જે પોતે જે ક્ષેત્રમાં છે તેમાં રહીને કોઈ ને કોઈ રીતે અન્યને મદદરુપ થઈને લાખો કરોડો દુઆઓ અને આશીર્વાદના હકદાર બની જાય છે. એવી જ એક હસ્તી ડૉ. મિણલબેન ગઢવી, કે જેઓ બી.જે. મેડિકલ કૉલેજના આસીસ્ટન્ટ પ્રોફેસર છે. પોતે કેન્સર જેવી ભીષણ બિમારી સામે સતત ચાર વર્ષથી ઝઝૂમી રહ્યા હોવા છતાં દર્દીઓની મદદ માટે અને વિદ્યાર્થીઓ માટે પણ એ હરહંમેશ એક સાથીમિત્ર બનીને મદદરુપ બનતા આવ્યા છે. કોઈ જાતના દેખાડા કે પ્રચાર પ્રસાર વિના પોતે જ ક્ષેત્રમાં છે ત્યાં દરેક પ્રકારે દર્દીઓ તેમજ તેમના સગાંવહાલાંને મદદરુપ થવાના તેમના આ સકારાત્મક અભિગમને બી.જે. મેડિકલ કૉલેજે બિરદાવ્યો છે. સિવિલ હોસ્પિટલ અને બી.જે. મેડિકલ કૉલેજ પ્રશાસને તેમની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવતાં તેમને ઓગસ્ટ, ૨૦૧૬માં 'સ્ટાર ઑફ બી.જે. મેડિકલ કૉલેજ'ના બિરુદથી સન્માનિત કર્યા છે. આ બિરુદ પામવા માટે ન તો કોઈ મોંઘીદાટ સાડીઓ તેમજ આભૂષણોનો ખર્ચ કર્યો છે કે ન તેઓએ કૉલેજ પ્રશાસનને કોઈ ફંડ-ફાળો ઉઘરાવી આપ્યો છે. પણ માત્ર અને માત્ર સકારાત્મક અભિગમ, પ્રેમાળ અને હૂંફાળો તેમનો આત્મીય સ્વભાવ તેમ જ કોઈની પણ મદદ કરવાની તેમની સતત તત્પર રહેવાની ટેવ આ ત્રણેય બાબતો પૈસાની દ્દષ્ટિએ સાવ મફત હોવા છતાં તેનું કોઈ જ મૂલ્ય આંકી શકાય તેમ નથી!




ડૉ. મિણલબેન ગઢવીએ શરુ કરેલ એક નાની એવી પહેલ હવે એક વટવૃક્ષ સમાન બની અને લોકોએ તેમના આ પ્રયાસને ઉમળકાભેર વધાવી તેમાં યથાયોગ્ય પ્રદાન આપીને પોતાનો સહયોગ આપવાની તૈયારી બતાવી. બી.જે. મેડિકલ કૉલેજ તેમ જ સિવિલ હોસ્પિટલ ભારતની પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી એક સંસ્થા ગણાય છે અને માટે દેશભરમાંથી કેન્સર, કીડની અને હૃદયરોગની સારવાર માટે આવનાર દર્દીઓ તેમજ તેમના સગાં-વ્હાલાંને કેટલાય દિવસો સુધી અહીં રહેવું પડતું હોય છે. ડૉકટર્સ, નર્સ, બ્રધર્સ, સિસ્ટર્સ એ તમામ તબીબી કર્મચારીઓ પોતાનું કામ નિષ્ઠાપૂર્વક કરતા જ હોય છે પણ થોડો માનવીય અભિગમ અને થોડી સંવેદનાનો ઉમેરો જો પોતાના કાર્યમાં તેઓ કરે તો ચોક્કસપણે પગાર અને વેતન મળવાના આનંદથી અનેકગણો આનંદ કોઈની આંખોમાં સંતોષની લાગણી વ્યક્ત કરતા આભારનો મળશે! ગાંધીનગરમાં પણ સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર મંડળ અને બીજી એવી અનેક સેવાભાવી સંસ્થાઓ આ પ્રકારે કાર્યરત છે પણ અહીં વાત કરવી છે દરેક જગ્યાએ કામ કરનાર એવા લોકોની કે જેઓ મશીનો સાથે કામ કરીને પોતે જાતે એક મશીન જેવા બની ગયા છે. તો આવો, સૌ સાથે મળીને આ મોનોટોનીને અટકાવીએ અને જયાં પણ છીએ અને જે પણ કાર્ય કરી રહ્યા છીએ તેમાં એક હળવું સ્મિત, થોડો સકારાત્મક અભિગમ અને થોડી લાગણીની ભીનાશ આ ત્રણેય બાબતોનો સંગમ કરીએ અને પછી તમે પોતે જ આ મૂલ્ય વગરની સાવ સસ્તી બાબતોનું મૂલ્ય કેટલું અનમોલ છે તે અનુભવી શકશો અને આટલી મોંઘવારીમાં સાવ સસ્તામાં કે મફતમાં થઈ શકતી આ બાબતોનું મહત્ત્વ સમજીને આનાથી થતા નફાને ઓળખતાં થઈએ તેમાં જ આપણો તેમજ સમાજનો ફાયદો છે!

\- nehalgadhavi101@gmail.com

# પાટીદાર અનામત આંદોલનમાં પડી તકરાર

અપેક્ષિત હતું એ જ થયું : ગુજરાતના પાટીદારોને સંગઠિત કરીને અનામતની મધલાળ બતાવનારી સામાજિક નેતાગીરીમાં પડેલાં તડાંના વિસ્ફોટ થવા માંડ્યા છે. પ્રસ્થાપિત રાજકીય નેતાગીરીને નર્તન કરાવવા મેદાન પડેલા હાર્દિક ભરતભાઈ પટેલ સામે એના જ સાથીસભ્યો ચિરાગ પટેલ અને કેતન પટેલે તીર તાક્યું છે. તીર મિસાઈલ બનીને કેવા વિસ્ફોટ સર્જે છે એ આવતા દિવસોમાં જોવા મળશે, પણ અત્યારે તો કડવા પટેલોના આસ્થાસ્થાન એવા ઊંઝાના ઉમિયા માતા ટ્રસ્ટના અધ્યક્ષપદેથી ભાજપના સ્થાનિક પ્રભાવી નેતા અને ધારાસભ્ય નારાયણ લલ્લુને ઊઠાડી મૂકવા હાર્દિક આણિ મંડળી ઈશારે ઊંઝાની સામાન્ય સભામાં ધાંધલ મચાવાયાને વળતો જવાબ ગુજરાતગર્જના બની રહ્યો છે. આ કવાયતમાં સામાજિક આંદોલનને તોડવાની ગાંધીનગરની કવાયત હોવાનું હાર્દિક કહે છે. સામસામે ખેંચાયેલી પણછો આવતા દિવસોમાં ઘણા નવા પરચા આપશે.એક વરસ સુધી પટેલ શહીદના પરિવારને આર્થિક મદદ નહીં કરનાર સરકારને એકદમ કરુણાનો ભાવ જાગ્યો અને શ્વેતાંગ પટેલના પરિવારને મુખ્યમંત્રી સહાયનિધિમાંથી ચાર લાખ આપવાની એકાએક જાહેરાત થઈ. કડવા અને લેઉઆના ભેદ મટી ગયાની ઘોષણાઓ કરનારાઓ ફરી પાછા કડવા અને લેઉઆ પટેલની નોખી છાવણીઓમાં વહેંચાઈ જતા જોવા મળ્યા છે. સવેળા કોઈ મધ્યસ્થી કરી લે, નહીં તો આ વખતનો વિસ્ફોટ હાર્દિક વિરુદ્ધ લાલજી પટેલના જંગ કરતાં જરા નોખો હશે. ગુજરાતનું રાજકીય ચિત્ર બદલવા ભણીની ૨૩ વર્ષના હાર્દિક પટેલની મજલને રાજકીય સત્તાધીશો રમણભમણ કરી નાંખશે કે હાર્દિક એમની સાથે હાથ મિલાવીને આગળની કવાયત હાથ ધરશે, એ હવે નિર્ણાયક બનશે.પાટીદાર આંદોલનના સૂત્રધારોએ મીડિયા સામે "બાળોતિયાં" ધોવા માંડ્યાં છે. હાર્દિકે તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખી ૨૦૦૨નાં કોમીરમખાણોના કેસોમાં સબડતા પાટીદારોની યાદીઓ જાહેર કરી મોદીની સંડોવણી દર્શાવી છે.નવાઈ એ વાતની છે કે મોદીસેના આ બાબતે મૌન છે, પણ એનો વારો કાઢી લેશે જરૂર.

ગુજરાતના પાટીદાર આંદોલનને આનંદીબહેન સરકારે શરૂઆતથી જ બરાબર રીતે 'હાથ ધર્યું નહોતું. એનાથી વિપરીત એમણે પાટીદાર આંદોલનને પાઠ ભણાવવા માટે ઓબીસી મંચના નેજા હેઠળ મેદાને પડેલા ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના નેતા અલ્પેશ ઠાકોરને સમર્થન આપવાનું પસંદ કર્યું હતું. પાટીદાર આંદોલનની શરૂઆત 'અનામત કાઢો અથવા અને ઓબીસી અનામતના લાભ અમને અપાવો'ની માગણી સાથે થઈ હતી. મુખ્ય પ્રધાન તરીકે શ્રીમતી પટેલને તેમના સલાહકારો ગેરમાર્ગે દોરી રહ્યા હતા અથવા તો પક્ષના મોવડીમંડળે એમને અમુક પ્રકારનું વલણ લેવા વિવશ કર્યાં હતાં. એમની સરકારનું પતન એમાં થયું. ભાજપની નેતાગીરીએ પક્ષના આંતરિક ડખાને હાલ શાંત પાડવાની કામગીરી પતાવીને હવે પાટીદાર આંદોલનના પ્રગટ અને અપ્રગટ સૂત્રધારોને કઈ રીતે ઠેકાણે પાડવા એની કવાયત આદરી છે. આવું જ એના થકી અલ્પેશ ઠાકોરને વશ કરવા માટે કરાશે. દલિતોના આંદોલનમાં પણ તડાં પાડવાની કોશિશો થઈ જ રહી છે. ગુજરાતની સરકાર અને સત્તારૂઢ પક્ષ ભાજપ આવતા દિવસોમાં જે યુવા ત્રિપુટીથી પરેશાનીમાં મૂકાઈ શકવાના સંજોગો સર્જાય એને સામસામે મૂકીને સંબંધિત તમામ સામાજિક વર્ગો સાથે ભાજપ અને સંઘ પરિવારના જોડાણને તાજું કરીને રોષના ફુગ્ગામાંથી હવા કાઢવાનું કામ જરૂર કરશે.વર્ષ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી સુધી આ કવાયત ચાલતી રહેવાની અને એને નિષ્ફળ બનાવવા માટે શંકરસિંહ વાઘેલા જેવા જૂના જોગીના ગઢમાં પણ રાજકીય સુરંગો કેમ ગોઠવવી એનાં આયોજન પણ થશે. સ્વભાવે ગુજરાતી પ્રજા સત્તા સાથે સંધાણ જાળવીને લાભ ખાટવાના મતની હોય છે. વર્તમાન વડા પ્રધાન અને ભાજપના સુપ્રીમ નેતા નરેન્દ્ર મોદી ગુજરાતીઓ વિશે 'મારે શું?' અને 'મારું શું?' એ નિવેદન કંઈ અમસ્તું કરતા નહોતા.

હાર્દિકના સાથીઓ ચિરાગ અને કેતને ત્રણ પાનાંના ટાઈપ્ડ પત્રની નીચે હસ્તાક્ષર કરેલા છે. આ પાશેરામાં પહેલી પૂણી છે. હાર્દિકને ચેતવણી માટે લખાયેલા આ પત્ર પછી એનાં વધુ કરતૂતો ખુલ્લાં પાડવાની ચીમકી પણ અપાઈ છે. ભાજપમાં આ પ્રકારનું કલ્ચર છેક એની સ્થાપનાથી ચાલતું આવ્યું છે. પૂર્વપ્રધાન અને તેજસ્વી પ્રતિભા ધરાવનારા જયનારાયણ વ્યાસની વિરુદ્ધ નનામી પત્રિકાઓનો મારો ચાલ્યો ત્યારે અમે એમને પૃચ્છા કરી હતી. એમણે એ નનામી પત્રિકા પાછળ જવાબદારોનાં નામો આપીને અમને ચોંકાવી દીધા હતા. એ પછી સંજય જોશીને રાજકીય રીતે પતાવી દેવા માટે કરાયેલા ઉપક્રમો સહિતનો ઘટનાક્રમ સુવિદિત છે. એ ઘટનાક્રમ પાછળની અનામી કે નનામી વ્યક્તિઓને બદલે હવે તો નામ સાથે ખુલ્લેઆમ પત્ર લખીને આક્ષેપ કરવા માટે ઘણાબધા તૈયાર હોય છે. કારણ સ્પષ્ટ છે. આવી વ્યક્તિઓને સત્તારૂઢોમાંથી જ સમર્થન પ્રાપ્ત થતું હોય છે એમને બચાવી લેવા માટે. જેમને રાજકીય દૃષ્ટિએ કે અન્ય રીતે પતાવી દેવાના હોય એની સામે સરકારીતંત્ર મારફત પગલાં લઈ શકાય.




હાર્દિકને પત્ર 'પાટીદાર અનામત આંદોલન સમિતિ ગુજરાત'ના સત્તાવાર લેટરહેડ પર લખાયો છે. ૨૨ ઓગસ્ટ ૨૦૧૬ના રોજ લખાયેલો ત્રણ પાનાંનો આ પત્ર હાર્દિકને 'જય સરદાર' સંબોધન સાથે જ 'તારી નેતા બનવાની મહત્વાકાંક્ષા અને સ્વાર્થવૃત્તિ તથા સમાજને હાથો બનાવી પૈસાવાળો બનવાની મહેચ્છાના લીધે સમાજને અતિ નુકસાન પહોંચ્યું છે. જેનાં ગંભીર પરિણામો સમાજ આજે ભોગવી રહ્યો છે. અન્ય સમાજ સાથે વર્ગવિગ્રહનું નિર્માણ થયું છે જેના પુરાવારૂપેની કલંકિત ઘટના ઊંઝા ધામમાં ગઈકાલે જોવા મળી. ઊંઝા ધામ એ પાટીદાર સમાજની આસ્થાનું કેન્દ્ર છે. ઊંઝા ધામ બદનામ થયું હોય તેવો બનાવ સ્થાપનાથી અત્યાર સુધીમાં પ્રથમ વખત બન્યો છે. માટે હવે તને ખુલ્લી ચેતવણી આપીએ છીએ કે બસ, હવે બહુ થયું.' હાર્દિકે આ પત્રને પોતાની સામેની રાજકીય રમતનો ભાગ ગણાવ્યો છે. જોકે, 'આપણો ભોળો' પાટીદાર સમાજ આંદોલનની અંદરની વાતો જાણતો નથી, જે અમારે નાછૂટકે સમાજને તથા મીડિયા સમક્ષ ખુલ્લી પાડવી પડશે, એવી ચીમકી પણ હાર્દિકના બંને મિત્રો આપે છે. 'હજુયે આટલું કહેવા છતાં હાર્દિક તું ના સમજે તો વધુ આવતા પત્રમાં.'

સમગ્ર પાટીદાર સમાજને નામે આંદોલન ચલાવતાં કે સુરતની લાજપોર જેલમાંથી પણ હાર્દિકે પાટીદાર સમાજના લગભગ તમામ સાંસદો અને ધારાસભ્યોને અપમાનિત કર્યા છે એટલું જ નહીં, મુખ્ય પ્રધાન અને પ્રધાનોને પણ અસભ્ય ભાષા સુણાવી હોવાથી એક વાર આંદોલનનો ઊભરો ઠરતાં એ તમામ અપમાનિત પાટીદાર અગ્રણીઓ હાર્દિકનો વારો કાઢી લે એ સ્વાભાવિક છે. નવા ત્રણ યુવાનેતાઓમાંથી અલ્પેશ ઠાકોર ખૂબ જ ઠરેલ અને પરિપક્વ નેતા તરીકે ઉપસ્યો છે. હાર્દિક સાથે ખૂબ જ પ્રભાવી સમાજ જોડાયા છતાં એના મનસ્વી વર્તને અનેકોને દુભવ્યા છે. દલિત સમાજને જગાડવા પ્રયત્નશીલ જિજ્ઞેશ મેવાણી ગુજરાતના તમામ સમાજોને સાથે લઈને ચાલવામાં અલ્પેશ ઠાકોરની જેમ ભવિષ્યમાં સફળ થઈ શકશે કે કેમ એ વિશે શંકા છે. જોકે આંદોલનની આ યુવા-ત્રિપુટીનો પ્રભાવ સમાપ્ત કર્યા વિના સત્તારૂઢ કે વિપક્ષના રીઢા રાજનેતાઓ પોતાનું ધાર્યું કરાવી શકવાની સ્થિતિમાં નથી. આવતા દિવસોમાં ગુજરાતના મંચ પર આવાં અવનવાં દશ્યો ભજવાશે.